**શ્રી સમયસાર પ્રતિષ્ઠા મહોત્સવ મંગલ દિન**

......... ॐ नमः समयसाराय...........

**સંવત ૨૦૦૧ ના વૈશાખ વદ ૮ રવિવાર તા. ૩-૬-૪૫**

# 卐 મહાન પરમાગમ શાસ્ત્ર શ્રી સમયસારજીના રચયિતાની અંતરંગ દશા તથા શ્રી સમયસારજી સ્તુતિના અર્થ 卐

આજે શ્રી સમયસારજીની પ્રતિષ્ઠાનો માંગલિક દિવસ છે. સ્વાધ્યાય મંદિરમાં સમયસારજીની વિધિપૂર્વક **શ્રી ચંપાબેનના હસ્તકે** પ્રતિષ્ઠા થઈ છે તેને આજે સાત વર્ષ પૂરા થાય છે. આ પરમાગમ શાસ્ત્રમાં શું છે તે તો અનુભવથી અંદર ઊતરીને જુએ તો સમજાય તેવું છે; આમાં તો અલૌકિક ચમત્કારિક મંત્રો છે.

જેમ તળાવના કાંઠા ઉપર ઊભા રહીને જોતાં તળાવનું પાણી મધ્યમાં અને કાંઠે સરખું લાગે, ઉપલક દ્રષ્ટિએ પાણીની ઊંડાઈનું માપ નીકળે નહિ; તળાવના પાણીની ઊંડાઈમાં વચમાં અને છેડે ફેર હોય છે. જેને પાણીની ઊંડાઈનું માપ કરતાં આવડે તે કાંઠેથી અંદર ઊતરે તો તેને પાણીની વાસ્તવિક ઊંડાઈનો ખ્યાલ આવે. તેમ સર્વજ્ઞ ભગવાનના દિવ્યધ્વનિ દ્વારા જે દ્વાદશાંગી શ્રુતનો એકધારાવાહી ધોધ છૂટયો, તેમાંથી આ શાસ્ત્ર રચાણાં, તેમાં શું રહસ્ય ભર્યાં છે તેનું માપ ઉપલક દ્રષ્ટિએ કાઢવા માગે તો તે નીકળે તેમ નથી. પણ જો અંદર ઊતરીને સમજે તો આની મધ્યમાં તો કેવળજ્ઞાનનાં રહસ્ય ભરેલાં છે.

મહાવિદેહમાં વર્તમાન જીવન–મુક્ત દશામાં શ્રી સીમંધરપરમાત્મા અરિહંતપદે બિરાજે છે. ભરતક્ષેત્રમાં વિક્રમ સંવતના પહેલા સૈકામાં મહા નિર્ગ્રંથ, મુનિઓના નાયક કુંદકુંદાચાર્ય મુનિ થયા; તેઓ મહાવિદેહમાં શ્રી સીમંધર ભગવાન પાસે ગયા હતા. સહજ સ્વભાવની અંતર આનંદ દશામાં ઝૂલતા અને બહારમાં સહજ દિગંબર દશા–એવા કુંદકુંદાચાર્યદેવ સીમંધર ભગવાન પાસે ગયા હતા અને ત્યાં એક અઠવાડિયું રહ્યા હતા. આ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે તેવી નથી. શિલા લેખો કે શાસ્ત્રના પાનામાં લખ્યું છે–માટે આ કહેવાય છે એમ નથી, પણ આ વાત અંતરથી સિદ્ધ થઈ ગઈ છે.

ભગવાનની વાણીમાં એક સાથે બધું આવે છે, તેમાં ભેદ પડતો નથી, તે નિરક્ષરીધ્વનિ છે. ભગવાનની વાણીમાં ભેદ કેમ નથી હોતો–તેનો ખુલાસો :–

આત્મામાં જ્યાં સુધી ક્રોધાદિવાળી ઊણી–ભેદવાળી દશા હોય ત્યાં સુધી વાણી પણ ભેદવાળી આવે છે, પણ જ્યારે સંપૂર્ણ વીતરાગ દશા થઈ અને પર્યાયમાં કષાયનો ભેદ ટાળીને અભેદ દશા થઈ ગઈ ત્યારે તેના નિમિત્તરૂપ વાણીમાં પણ અભેદ આવે છે. જ્યાં સુધી ક્રોધાદિ છે ત્યાં સુધી વિકાર છે, આત્મા અનંત ગુણનો અખંડ પિંડ છે તેથી કોઈ ગુણમાં વિકાર હોય ત્યાં અવસ્થા એકરૂપ રહેતી નથી–પણ ભેદ પડે છે–તેથી તેની વાણીમાં પણ ઘણા અક્ષરો વડે ભેદ પડે છે. સર્વજ્ઞ પરમાત્માને સંપૂર્ણ દશા પ્રગટતાં પર્યાય અભેદ થઈ ગઈ એટલે તેમની વાણી પણ અભેદ–એકાક્ષરી થઈ ગઈ, તે વાણીમાં બધી ભાષા સમાઈ જાય છે; તે વાણી સાંભળવા ગણધરો, ઇન્દ્રો, ચક્રવર્તી, મનુષ્યો, પશુ, પક્ષી બધા આવે છે અને સૌ પોતપોતાની ભાષામાં સમજે છે.

ભગવાનને ઉપદેશની ઇચ્છા હોતી નથી, તેઓ વીતરાગ છે, કયારે કોણ શું પૂછશે અને તેનો શું ઉત્તર આવશે–એ બધું એક સમયમાં પોતાના અક્રમજ્ઞાનથી ( કેવળજ્ઞાનથી ) ભગવાન જાણે છે. વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર પરમાત્મા જીવનમુક્ત દશામાં તીર્થંકર પદે બિરાજે છે, તેમની પાસે ભરત ક્ષેત્રના મહા મુનિ શ્રી કુંદકુંદાચાર્ય ગયા અને ત્યાંની ધોધમાર દિવ્યવાણી લઈ આવીને તે ઉપરથી આ સમયસાર આદિ શાસ્ત્રો રચ્યાં. આમાં તો દિવ્યધ્વનિનાં રહસ્યને ઊતાર્યું છે, તેનું ગૂઢ રહસ્ય ઉપરથી જોતાં સમજાય નહિ, પણ અંતરથી જુએ તો તેનો અપાર મહિમા સમજાય. સમયસાર મધ્યમાં તો કોઈ અમાપ કેવળજ્ઞાન ભર્યાં છે, શું કહીએ...? આ સમયસારની વાત શબ્દથી કહેવાય તેવી નથી. શબ્દથી પાર છે–મનથી પણ પાર છે.

**પરમ પૂજ્ય સદ્‌ગુરુ દેવશ્રી કાનજી સ્વામીનું વ્યાખ્યાન**

ગામડામાં જેને ત્યાં ૨૦૦–૩૦૦ મણ અનાજ પાકતું હોય તેના વસવાયા [ કામ કરનારા ] ને બે–ત્રણ મણ અનાજ મળે, વધારે ન મળે, પણ જેને ત્યાં હજારો મણ અનાજ પાકતું હોય તેના વસવાયાને પૂરતું અનાજ મળે તેમ અલ્પજ્ઞ ઉપદેશકની વાણીમાંથી શ્રોતાઓને થોડું મળે. અને સર્વજ્ઞદેવના પૂર્ણ ધોધમાર ધ્વનિમાંથી પાત્ર શ્રોતાઓને શ્રુતના ધોધ મળે છે. મહાવિદેહમાં સીમંધર ભગવાનની ધોધમાર ધર્મની ધીખતી પેઢી ચાલી રહી છે, એ ધોધમાર વાણીનો સાક્ષાત્ લાભ ભગવત્કુંદકુંદને આઠ દિન મળ્યો છે, અને પછી તેમણે આ સમયસારની રચના કરી છે, આ સમયસારના ઊંડાણમાં અમાપ...અગાધ....અગાધ ભાવો ભર્યાં છે.

અહો ! કુંદકુંદાચાર્યની શી વાત કરીએ ? તેમની અંતરની દશા સંબંધી સમયસારની છઠ્ઠી ગાથામાં તેઓ જ કહે છે કે–

णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणओ दु जो भावो।
एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव।।६।।

આ ગાથામાં આચાર્યદેવે પોતાની વર્તમાન વર્તતી ભૂમિકાથી વાત મૂકી છે. સીમંધર ભગવાન પાસેથી કુંદકુંદ આચાર્યને પૂર્ણાત્માનું સ્વરૂપ તદ્દન નિઃશંકપણે મળ્યું. તે કુંદકુંદ આચાર્ય મુનિઓના નાયક હતા, ભરતક્ષેત્રના ધર્મના ધોધ વહેડાવનાર મહાન સંત હતા. અહો ! આ છઠ્ઠી ગાથામાં તો તેઓએ જ્ઞાયકને જ વર્ણવ્યો છે–

**‘નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે, એ રીત શુદ્ધ કથાય ને જે જ્ઞાન તે તો તે જ છે.’**

આચાર્યદેવ સાતમા અને છઠ્ઠા અપ્રમત્ત અને પ્રમત્ત ગુણસ્થાન દશામાં ઝૂલી રહ્યાં છે, તે બે ભંગનો નકાર કરતાં કહે છે કે–હું અપ્રમત્ત કે પ્રમત્ત નથી, હું જ્ઞાયક છું. ‘અપ્રમત્ત–પ્રમત્ત નથી’ આમ કેમ કહ્યું ? ‘હું અકષાય–સકષાય નથી, અગર હું અયોગી–સયોગી નથી’ એમ કેમ ન આવ્યું ? **णवि होदि अपम्मत्तो** હું અપ્રમાદિ નથી તેમજ **ण पम्मत्तो** હું પ્રમાદી નથી. પણ એ બે દશાના ભેદથી રહિત હું જ્ઞાયક ભાવ છું એમ કેમ આવ્યું ? આચાર્યદેવ પોતે સાતમી છઠ્ઠી ભૂમિકામાં ઝૂલી રહ્યાં છે એટલે ગાથામાં પણ સહજપણે તે દશાથી કથન આવ્યું છે.

છઠ્ઠીના લેખ જેવી છઠ્ઠી ગાથા ટંકોત્કિર્ણ છે. શાસ્ત્ર રચનાનો વિકલ્પ ઊઠયો, પણ આત્માથી અક્ષરની રચના ન થાય, તેમજ વિકલ્પ ઊઠે તે પણ મારું સ્વરૂપ નહિ, અરે ! અપ્રમત્ત–પ્રમત્ત દશાના ભેદ પણ હું નહિ–હું તો જ્ઞાયક છું...આમ છઠ્ઠી ગાથામાં તો કેવળજ્ઞાનની શરૂઆત કરી છે. આ ગાથામાં પોતાનું અંતર રેડી દીધું છે. પોતે વર્તમાન અપ્રમત્ત–પ્રમત્ત દશા વચ્ચે વર્તી રહ્યાં છે એટલે ગાથામાં તે જ શબ્દો આવ્યા છે. હજી પોતાને અકષાયદશા પ્રગટી નથી અને સાધક દશામાં અપ્રમત્ત–પ્રમત્ત દશાના બે ભેદ પડે છે, તે ભેદનો નકાર કરતાં કહે છે કે હું અપ્રમત્ત કે પ્રમત્ત નથી, હું અખંડાનંદ જ્ઞાયક છું; એમ આ ગાથામાં આચાર્યદેવે અભેદ જ્ઞાયક ભાવનો અનુભવ ઉતાર્યો છે. પોતાના અનુભવની જે દશા છે તે દશાથી વર્ણન મૂકયું છે.

અવસ્થાના બે ભેદ પડે તે હું નથી, હું જ્ઞાયક જ્યોત જ છું, આનંદ સ્વરૂપ જ ત્રિકાળ છું. ‘આનંદ ન હતો’ અને ‘આનંદ પ્રગટ કરું’ એવા ભેદરૂપ બે પડખાંનો હું આ ટાણે નિષેધ કરું છું; આ ટાણે તો જ્ઞાયકભાવ દર્શાવવો છે હું એકરૂપ જ્ઞાયકભાવ પરમ પારિણામિક ભાવ છું એટલે કે હું કારણ પરમાત્મા છું. ‘હું કારણ પરમાત્મા છું’ એમ કહેતાં પોતાની વર્તમાન સ્વભાવ તરફ ઢળતી નિર્મળદશા પણ ભેગી આવી જ જાય છે; કેમકે કારણ પરમાત્માને પ્રતીતમાં લેનાર તો તે પર્યાય છે.

કારણ પરમાત્મા એટલે એકરૂપ ધ્રુવ ત્રિકાળી વસ્તુ કે જે નિર્મળ પર્યાય પ્રગટવાનું કારણ છે તે કારણ પરમાત્મા છે–તે જ **‘જ્ઞાયક ભાવ’** છે. નિયમસાર શાસ્ત્ર એ પણ કુંદકુંદાચાર્યદેવનું રચેલું છે. તેની ટીકામાં અલૌકિક ગૂઢ વાત છે. આચાર્યોએ ધર્મના થાંભલા જેવું કાર્ય કર્યું છે. વીતરાગ શાસનને ટકાવી રાખ્યું છે. નિયમસારજીની ટીકામાં પદ્મપ્રભમલધારી આચાર્યદેવે મહા ગૂઢ રહસ્ય ઉતાર્યું છે, અહો ! શું અધ્યાત્મની વાત છે.... ! કારણ પરમાત્માને સ્પષ્ટપણે દર્શાવી દીધો છે. અહીં છઠ્ઠી ગાથામાં ‘જ્ઞાયક ભાવ’ માં પણ તે જ ધ્વનિ છે. કારણ પરમાત્મા તે મોક્ષમાર્ગરૂપ તો નથી, પરંતુ મોક્ષ પણ નથી. એ તો ધ્રુવ સ્વરૂપ છે, અને તેના જ જોરે મોક્ષ દશા પ્રગટે છે. મોક્ષનું કારણ કોઈ વિકલ્પ તો નહિ, અને સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપ નિર્વિકાર પર્યાય પણ મોક્ષનું કારણ વ્યવહારથી છે કેમકે કેવળજ્ઞાનાદિ દશા તો અનંતગણી શુદ્ધ છે અને સમ્યગ્દર્શનાદિ તો બારમાં ગુણસ્થાનના છેલ્લા સમય સુધી કેવળજ્ઞાન કરતાં અનંતમાં ભાગે અધૂરી દશા છે. બારમી ભૂમિકાના છેલ્લા સમયે જે જ્ઞાન, સુખ, વીર્ય વગેરે છે તેના કરતાં તેરમાં ગુણસ્થાનના પહેલાં સમયે અનંતગણા જ્ઞાન, સુખ, વીર્ય વગેરે હોય છે, માટે સમ્યગ્દર્શનાદિ મોક્ષનું કારણ વ્યવહારે છે, મોક્ષનું નિશ્ચયકારણ તો ઉપર કહ્યો તે જ્ઞાયકભાવ–કારણ પરમાત્મા છે. મોક્ષનું કારણ શું ? પર દ્રવ્યની તો વાત છે જ નહિ, કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ પણ

નહિ એ જૈનનો પ્રથમ સિદ્ધાંત માન્ય રાખ્યા પછી જ બીજી વાત થઈ શકે. દેવ–ગુરુ–શાસ્ત્ર તે પર દ્રવ્ય છે એ કોઈ તો મોક્ષનું કારણ નથી, શુભ વિકલ્પ ઊઠે તે પણ મોક્ષનું કારણ નથી; પરંતુ સમ્યક્–જ્ઞાન–ચારિત્ર–વીર્ય–આનંદ વગેરે પણ બારમા ગુણસ્થાન સુધી અનંતમા ભાગે અધૂરી દશા છે તેથી તે પણ પરિપૂર્ણ મોક્ષદશાનું કારણ ખરેખર નથી. આ તો હજી શાસ્ત્રની વાત છે, અંદરનું અધ્યાત્મ રહસ્ય તો હવે આવે છે, ધ્યાન રાખો... ધ્યાન રાખો...! આત્મા શું ચીજ છે એ જાણ્યાં વિના ગમે તેટલા ક્રિયાકાંડ કરી કરીને સૂકાઈ જાય તો પણ ધર્મ થાય તેમ નથી, આ કહેવાય છે તે વસ્તુ સ્વરૂપ સમજ્યા વગર જન્મ–મરણનો અંત ન આવે.

બારમા ગુણસ્થાનના છેલ્લા સમય સુધી મતિ–શ્રુતજ્ઞાન છે, તે કેવળજ્ઞાનના અનંતમા ભાગનું છે, તે અનંતમા ભાગનું અધૂરું જ્ઞાન તેને અનંતગુણા પૂર્ણ કેવળજ્ઞાનનું કારણ કહેવું તે વ્યવહાર છે. અધૂરા જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાન પ્રગટાવવાની તાકાત નથી, પરંતુ જે અધૂરું જ્ઞાન છે તે પૂર્ણની જાતનું છે તેથી તેને વ્યવહારથી કારણ કહ્યું છે; અનંતમા ભાગનું મતિ–શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનનું નિશ્ચય કારણ નથી. પૂર્ણ જ્ઞાનનું કારણ પૂર્ણ જ જોઈએ. કેવળજ્ઞાનનું નિશ્ચય કારણ તો મૂળ દ્રવ્ય જ છે, એ કેવળજ્ઞાનના કારણભૂત દ્રવ્યને જ ભગવાન કુંદકુંદાચાર્યદેવે નિયમસારમાં **કારણ પરમાત્મા** તરીકે અને સમયસારમાં **જ્ઞાયકભાવ** તરીકે વર્ણવેલ છે. એક સમયમાં દ્રવ્યમાં કેટલી તાકાત ભરી છે–તે બતાવ્યું છે. એકેક ગાથામાં આચાર્યદેવે અદ્‌ભુત રહસ્યો રેડયાં છે. ચૌદ પૂર્વના રહસ્યને લેતી એકેક ગાથા આવી છે.

સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટયો છે તે પણ અનંતા કેવળજ્ઞાનાદિનું કારણ ખરેખર ન થાય. અનંત કેવળજ્ઞાનાદિનું ખરું કારણ તો એક સમયમાં પરિપૂર્ણ દ્રવ્ય જે ત્રિકાળ છે તે જ છે. એ પરિપૂર્ણ દ્રવ્યસ્વભાવનું વર્ણન ભગવાન કુંદકુંદાચાર્યે સમયસારજીમાં અચિંત્ય અને અલૌકિક રીતે કર્યું છે. હું સાતમા કે છઠ્ઠા ગુણસ્થાન વાળો નથી, હું તો જ્ઞાયક છું. જો કે વર્તમાન સાતમા–છઠ્ઠા ગુણસ્થાને જ છે, પણ અખંડ સ્વભાવના જોરે તેનો નકાર કરતાં કહે છે કે હું અપ્રમત્ત–પ્રમત્ત નથી–હું જ્ઞાયક છું.

ભગવાન કુંદકુંદાચાર્યદેવ સંબંધી દર્શનસારમાં શ્રી દેવસેનાચાર્ય મુનિ કહે છે કે–

जइ पउमणं दिणाहो सीमंधरसामी दिव्वणाणेण।
ण विवोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।

મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર દેવશ્રી સીમંધર સ્વામી પાસેથી મળેલા દિવ્યજ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે [ શ્રી કુંદકુંદાચાર્ય દેવે ] બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત ?

દેવસેનાચાર્ય પોતે મુનિ છે તે કહે છે કે–અહો! કુંદકુંદઆચાર્યે સાક્ષાત્ ભગવાન પાસેથી દિવ્યધ્વનિના સંદેશાનો બોધ ભરતક્ષેત્રમાં ન આપ્યો હોત તો અમને આ સમ્યક્‌બોધ કયાંથી મળત ? ભગવાન કુંદકુંદાચાર્યે ભરતક્ષેત્રમાં શ્રુતની પ્રતિષ્ઠા કરી છે. આવી સ્થિતિ આ મહાન પરમાગમ સમયસારની છે, બહારથી તેનાં માપ ન નીકળે પણ ઊંડે ઉતરીને અંતરથી સમજે તો સાચાં માપ નીકળે.

આજે સમયસારજી શાસ્ત્રની પ્રતિષ્ઠાનો મંગલ દિવસ છે. આ સમયસારજીની સ્તુતિ હિંમતભાઈએ [ સમયસારના ગુજરાતી અનુવાદકે ] બનાવી છે, તેમાં ઘણાં સારા ભાવો મૂકયા છે, તેના અર્થ આજે થાય છે.

-: હરિગીત:-

**“સંસારી જીવના ભાવમરણો ટાળવા કરૂણા કરી,**
**સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર તેં સંજીવની;**
**શોષાતી દેખી સરિતને કરૂણા ભીના હૃદયે કરી,**
**મુનિ કુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.”**

હે નાથ ! હે કુંદકુંદ પ્રભુ ! આપે આ સમયપ્રાભૃતમાં અમૃતના ધોધ વરસાવ્યા છે. મહાવીર ભગવાનથી વહેતી શ્રુતામૃતની સરિતા શોષાતી હતી તેને આ સમયપ્રાભૃત રૂપી સંજીવની વડે તેં જીવંત રાખી છે.

સ્તુતિમાં પ્રથમ શબ્દ ‘સંસારી’ છે, કેમકે જીવને અનાદિથી સંસાર દશા છે. આત્માની અવસ્થામાં જે પુણ્ય–પાપના વિકારભાવ થાય તે ભાવ હું–એમ માનવું તે જ સંસાર છે. આત્માનો સંસાર પરવસ્તુમાં નથી, પણ પોતાના ઊંધા ભાવમાં સંસાર છે. પૈસા–સ્ત્રી વગેરે પરદ્રવ્ય છે. તેમાં સંસાર નથી પણ તે પરદ્રવ્યમાં સુખબુદ્ધિ અને તેને રાખવાનો ભાવ તે જ સંસાર છે. તે સંસારભાવ દરેક જીવને અનાદિથી છે. સંસારી જીવો પોતાના અજ્ઞાનથી ક્ષણેક્ષણે ભાવમરણમાં દુઃખી થઈ રહ્યા છે. કુંદકુંદ ભગવંતે એ સંસારી જીવોના ભાવમરણો

ટાળવા માટે પરમ કરૂણા કરીને સંજીવની સમાન સમયસારની રચના કરી છે.

ભવ મરણ એટલે શું? આત્મામાં ક્ષણિક વિકાર ભાવ થાય તેને પોતાનો માનવો અને ચૈતન્ય સ્વરૂપના આનંદને ન માનવો તે જ ભાવ મરણ છે. શરીર છૂટું પડે તેનું દુઃખ જીવોને નથી, પણ ભાવ–મરણોનું જ જીવોને દુઃખ છે. પોતાનો આનંદ પરમાં માનતાં આત્માનું સ્વરૂપમય જીવન હણાઈ જાય છે–તે જ આત્માનું ભાવ મરણ છે. એ ભાવ મરણ જે ટાળે તે જ સુખી છે.

ભાવ મરણ એ જ હિંસા છે. સમયસારમાં જ કહ્યું છે કે–

**-: વસંતતિલકા:-**

अज्ञानमेतदधिगम्य परात्परस्य पश्यंति ये मरणजीवितदु:ख सौख्यम्।
कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते मिथ्याद्रशो नियतमात्महनो भवंति।।

[ કળશ-૧૬૯ ]

આ અજ્ઞાનને પામીને જે પુરુષો પરથી પોતાનાં મરણ, જીવન, દુઃખ, સુખ દેખે છે અર્થાત્ માને છે, તે પુરુષો–કે જેઓ એ રીતે અહંકાર–રસથી કર્મો કરવાના ઇચ્છક છે તેઓ–નિયમથી મિથ્યાદ્રષ્ટિ છે–**પોતાના આત્માનો ઘાત કરનારા છે. 'आत्महनो भवंति'** એટલે જે પરને હું મારું કે જીવાડું છું એમ માને છે તે મોટો હિંસક છે, પોતાના આત્માને જ હણે છે–આ જ ભાવ મરણ છે.

જે પરના કર્તૃત્વના મિથ્યા અહંકારના ભારથી ભાવમરણમાં દુઃખી થઈ રહ્યા છે તેને કહે છે કે ભાઈ રે! ધીરો થા... ધીરો થા. તું પરનું શું કરી શકે છો? પરનું તું કાંઈ પણ નથી કરી શકતો, તું તારા ભાવને કરે છો બીજાનું હું કરું–એમ માને તેને આચાર્યદેવે નિયમથી આત્માના હિંસક મિથ્યાદ્રષ્ટિ કહ્યા છે. મિથ્યાત્વ એ જ ભાવ મરણ છે, એ જ દુઃખ છે.

હે નાથ કુંદકુંદ! આપે દયા કરીને જગતના જીવોના ભાવમરણો ટાળ્યાં છે. સમયસારજીની ગાથાએ ગાથાએ અદ્ભુત કરૂણાના ધોધ રેડયાં છે. જેના અંતરમાં આ બીજડાં રોપાણાં અને આ વાત જેને અંતરમાં રુચિ તેણે પોતાના આત્મામાં મોક્ષનાં બીજ વાવ્યાં. 'હું પરનું કાંઈ જ ન કરી શકું, પર મારું કાંઈ ન કરી શકે, હું સર્વ પર દ્રવ્યોથી છૂટો છું' આમ જેણે માન્યું અને પ્રતીત કરી તે સ્વતંત્ર આત્મજીવન જીવનારા છે. અને 'હું પરનું કરું, પર મારું કરે' એમ જે માને છે તે આત્મસ્વરૂપના ઘાતક હિંસાવાદી અને ભાવમરણમાં મરી રહેલા છે. હે કુંદકુંદ ભગવાન! આપે તે ભાવમરણ ટાળવા માટે જગત પર પરમ ઉપકાર કર્યો છે. આ સમયસારમાં અમૃતના ધોધ વહાવ્યા છે. મહાવિદેહના દિવ્યધ્વનિમાંથી શ્રુતની મોટી નહેરો ભરતમાં વહેતી કરી છે. **સંસારથી થાકેલા જગતના તરસ્યા જીવો આવીને આ જ્ઞાનામૃત પીવો અને તરસ છીપાવી મોક્ષમાં ચાલ્યા જાવ....... ડરો નહિ........ મૂંઝાવ નહિ. સંસાર એક સમયનો જ છે.** આ વાત જેને બેઠી તેને મોક્ષદશાના માંડવા નંખાણા, હવે એક–બે ભવમાં જ તેની મોક્ષ દશા છે. તેની મોક્ષદશા પાછી ફરે જ નહિ. આ તો એક બે ભવમાં જ મોક્ષદશાની નિઃસંદેહ શ્રદ્ધા પોતાથી જ થઈ જાય તેવી વાત છે.

જ્યારે કન્યા પરણવા જાય ત્યારે સાથે મોટા મોટા આબરુવંત શેઠીયાઓને લઈ જાય છે, ત્યાં એવો હેતુ છે કે કદાચિત્ કન્યા પક્ષવાળા ફરી જાય અને નાણાં માંગે તો તેવે વખતે આબરુને ધક્કો ન લાગે; કન્યા પાછી ન ફરે. સાથે આવેલા શેઠને એમ થઈ જાય કે હું સાથે આવ્યો અને કન્યા પાછી ફરે એમાં તો મારું નાક જાય... જો કન્યાને માંડવામાં આવતાં પા કલાકની વાર લાગે તો હાહાકાર થઈ જાય અને આબરુ જાય. પણ શેઠીયા તરત જ કન્યાપક્ષની માગણી સંતોષીને કન્યાના આવવાના ટાઈમમાં ફેર ન પડવા દે... તેમ...

અહીં સ્વરૂપ લક્ષ્મીવંત શ્રી કુંદકુંદ ભગવાન કહે છે કે–અમારી વાત માની જેણે પોતાના આંગણે મોક્ષ પરિણતિ સાથે લગ્નના માંડવા નાંખ્યા તેને મોક્ષદશા પાછી ફરે જ નહિ... અલ્પકાળમાં જ મોક્ષ થાય. અમે સાથે આવ્યા છીએ અને મોક્ષદશાને વાર લાગે એમ બને નહિ... વાર લાગશે તો અમે મોક્ષ આપશું...! જગતના જીવોને પરમ સત્ય સમજાવવાનો અમને વિકલ્પ ઊઠયો અને ભરતક્ષેત્રમાં સમજનારા લાયક જીવો ન હોય એમ બને જ નહિ. અમારી વૃત્તિ ખાલી ન જાય. અમને વૃત્તિ ઊઠી તે જ બતાવી આપે છે કે ભરતમાં ભવ્ય જીવો તૈયાર છે... માટે તું હા જ પાડ.... તારી નિર્મળ મોક્ષદશા પાછી નહિ ફરે.

પુણ્ય પાપનો વિકાર ભાવ થાય તે મારું સ્વરૂપ નથી, હું જ્ઞાયક છું–આવું ભાન તે જ આત્માની દયા છે

તે જ સાચી કરુણા છે. પ્રથમ અજ્ઞાન ભાવે આત્મા વિકારમાં દબાઈ જતો હવે જ્ઞાન થતાં આત્માને વિકારથી છૂટો પ્રતીતમાં લીધો એટલે સ્વરૂપને છૂટું રાખ્યું તે જ દયા–ધર્મ છે.

**'સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની-'** આમાં મહાવીર ભગવાનનું નામ લખ્યું છે કેમકે કુંદકુંદાચાર્ય દેવના પરંપરા ગુરુ તરીકે તો મહાવીર ભગવાન જ છે. મહાવીર પ્રભુ પછી લગભગ ૫૦૦ વર્ષ બાદ કુંદકુંદાચાર્ય થયા, ત્યારે જે કાંઈ અધૂરું રહેલ તે સીમંધર ભગવાન પાસે જઈને પૂરું કર્યું છે. ભાવ મરણ ટાળવા માટે સંજીવની ઔષધ છે. પોતાના આત્માને સ્વરૂપમાં સમ્યક્ પ્રકારે જીવંત રાખે એવી શ્રદ્ધા–જ્ઞાનરૂપી જે ઔષધિ તે સંજીવની છે. તે સંજીવની–અમૃતની જે સરિતા મહાવીર પ્રભુએ વહેતી કરી, ત્યાર પછી કાળક્રમે તે કાંઈક શોષાતી હતી તેને હે કુંદકુંદનાથ તેં સમય પ્રાભૃતરૂપી સંજીવની વડે ભરી દીધી છે. શ્રદ્ધા–જ્ઞાનરૂપી સંજીવનીના પ્રવાહ આ સમયસારની ગાથાએ–ગાથાએ ભર્યાં છે.

ભગવાન શ્રી મહાવીર પ્રભુ પછી જ્યારે માર્ગના ખંડ પડયા અને જુદાં સંપ્રદાય શરૂ થયા ત્યારે સનાતન વીતરાગ જૈનમાર્ગને આંચ ન આવે તે ખાતર કુંદકુંદ ભગવાને સમયપ્રાભૃતવડે અખંડ સરિતા વહેતી કરી છે, સાક્ષાત્ ભગવાનના ધ્વનિના અમૃત ભરી ભરીને આ સમયપ્રાભૃતમાં ભરી દીધાં છે અને સનાતન માર્ગને જીવંત રાખ્યો છે.

નદીનાં પાણીને ભરી રાખવા માટે કાંઈક ઠામ–પાત્ર જોઈએ, તેમ ભગવાનના દિવ્યધ્વનિમાં વરસતા અમૃતને ભરવા માટે આ સમયપ્રાભૃતરૂપી પાત્ર છે. સનાતન જૈનધર્મનો ધોધ–પ્રવાહ તો અનાદિથી ચાલ્યો જ આવતો હતો, પણ હલકો કાળ આવ્યો અને જ્યારે પરમસત્યમાં વાંધા ઊઠયા–બે ફાંટા પડયાં ત્યારે કુંદકુંદ પ્રભુએ સમયપ્રાભૃતરૂપી ભાજન વડે અમૃત ભરીભરીને સનાતન માર્ગના પ્રવાહને જયવંત રાખ્યો છે.

**-અનુષ્ટુપ-**

**કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પુર્યાં;**
**ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડનાં ભર્યાં.**

**કુંદકુંદાચાર્ય** ભગવાને ૪૧૫ ગાથામાં સમયપ્રાભૃત રચ્યું અને અમૃતચંદ્રાચાર્યદેવે તે ઉપર ૪૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી–જેમ સોનાને ઓપ ચઢાવે તેમ સમયપ્રાભૃત ઉપર કળશ ચઢાવ્યો. અહાહા આ ટીકા! આ ભરતક્ષેત્રને વિષે આ સમયપ્રાભૃતની ટીકાની બરોબરીમાં આવે એવી કોઈ ગ્રંથની ટીકા વર્તમાન વિદ્યમાન નથી. મહાવીર ભગવાન પછી ૫૦૦ (પાંચસો) વર્ષે કુંદકુંદાચાર્યદેવે મહાન પરમાગમ શ્રી સમયપ્રાભૃતની રચના કરી, અને એ રચના પછી એક હજાર વર્ષે અમૃતચંદ્રાચાર્યદેવ મહાન ટીકાકાર નીકળ્યા અને જેમ મોતીના સાથિયા કરી ચોક પૂરે તેમ એકેક ગાથાના રહસ્યને ટીકામાં ખુલ્લાં કર્યાં છે.

આ સમયપ્રાભૃત તો ગ્રંથાધિરાજ છે. ભરત ક્ષેત્રનું અજોડ ચક્ષુ છે. આ સમયસારની જોડે ઊભું રહે તેવું વર્તમાન જગતમાં કોઈ શાસ્ત્ર નથી. અમૃતચંદ્રાચાર્ય મહારાજે ટીકામાં છેવટે [ કળશ–૨૪૫ માં ] કહ્યું છે કે આ એક અદ્વિતિય જગત્ચક્ષુ છે, તે વિજ્ઞાનઘન આનંદમય આત્માને પ્રત્યક્ષ કરે છે.

**-અનુષ્ટુપ-**

इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णताम्।
विज्ञानघनमानंदमयमध्यक्षतां नयत्।। २४५।।

આનંદમય વિજ્ઞાનઘનને (શુદ્ધ પરમાત્માને, સમયસારને) પ્રત્યક્ષ કરતું આ એક (અદ્વિતિય) અક્ષય જગત્ ચક્ષુ (સમયપ્રાભૃત) પૂર્ણતાને પામે છે.

આ સમયપ્રાભૃત ગ્રંથ વચનરૂપે તેમ જ જ્ઞાનરૂપે બન્ને પ્રકારે જગતને અક્ષય (અર્થાત્ જેનો વિનાશ ન થાય એવું) અદ્વિતીય નેત્ર સમાન છે, કારણ કે જેમ નેત્ર ઘટ પટાદિને પ્રત્યક્ષ દેખાડે છે તેમ સમયપ્રાભૃત આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રત્યક્ષ અનુભવગોચર દેખાડે છે.

આ અક્ષય જગત્ચક્ષુ છે. તેનો કદી ક્ષય નથી. આ મહાન ગ્રંથાધિરાજમાં અજોડ ભાવો છે, ચૌદ બ્રહ્માંડના ભાવો તેમાં ભરેલાં છે.

અમૃતચંદ્રાચાર્યે ટીકાને નાટકરૂપે વર્ણવી છે. બનારસીદાસજીએ પણ કલશના આધારે જે સમયસાર બનાવ્યું છે તેને પણ 'સમયસાર–નાટક' એવું નામ આપ્યું છે. નાટક એટલે શું? જેમ કોઈ રાજાનું જીવન ૭૨ વર્ષનું હોય, હવે તેનું જીવન નાટકરૂપે બતાવવું હોય તો તે નાટક બતાવતાં ૭૨ વર્ષ લાગે નહિ, પણ ત્રણ ચાર કલાકમાં જ નાટક પૂરું થઈ જાય અને તેટલાં ટૂંક વખતમાં રાજાના ૭૨ વર્ષનું બધું જીવન બતાવી દે તેમ આ સમયપ્રાભૃત નાટકરૂપે છે, તેની ૪૧૫ ગાથામાં પરિપૂર્ણ આત્મસ્વરૂપ આચાર્યદેવોએ દર્શાવ્યું છે. એકેક

પદમાં અનાદિ અનંત આત્મા દર્શાવી દે છે. અનાદિ અનંત આત્મસ્વરૂપ સમજતાં અનંતકાળ ન લાગે. આ સમયપ્રાભૃતરૂપી નાટક દ્વારા અલ્પકાળમાં જગતના જીવોને આત્માનું આખું સ્વરૂપ બતાવી દેવું છે. જ્ઞાનીના અંતર જુદાં છે. ટૂંકામાં ઘણું ગૂઢ રહસ્ય મૂકી દીધું છે એકેક પદે પદે પરિપૂર્ણતા બતાવી છે તે જગતની ઉપલક દ્રષ્ટિએ નહિ દેખાય........

આ સમયપ્રાભૃત એકવાર પણ સમજતાં શ્રોતાને કાંઈ અજાણ્યું ન રહે. ('શ્રોતા' શબ્દ ગુરુગમ સૂચવે છે. પ્રથમ, પોતાની મેળે બધા ભાવ સમજાય નહિ તેથી યથાર્થ જ્ઞાનીપુરુષો દ્વારા સાંભળીને સમજતાં કાંઈ અજાણ્યું રહે નહિ–આ હેતુથી 'શ્રોતા' શબ્દ આવ્યો છે.) અનાદિ અનંત આત્મસ્વરૂપની ઓળખાણ, મોક્ષમાર્ગનું સ્વરૂપ, બંધ–મોક્ષનું સ્વરૂપ, ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ, નિશ્ચય–વ્યવહારનું સ્વરૂપ, કર્તાકર્મનું સ્વરૂપ એ બધું, કાંઈ બાકી રાખ્યા વગર અલ્પકાળમાં બતાવી દીધું છે. આ બધું પંચમઆરાના શ્રોતાને આખું આત્મસ્વરૂપ અલ્પકાળમાં બતાવવું છે, પાત્ર થઈને સમજે તો ખબર પડે... આ રીતે કહ્યું કે **"ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા."**

**- શીખરિણિ -**

**"અહો! વાણી તારી પ્રશમ રસ ભાવે નીતરતી,**
**મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી,**
**અનાદિની મૂર્છા વિષતણી ત્વરાથી ઉતરતી,**
**વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ."**

હે નાથ! હે સમયસાર ભગવાન! તારી વાણી કેવી સુંદર છે! આત્માનો ઉપશમ રસ–જે પુણ્ય–પાપ રહિત નિરાકુળ પ્રશમ આનંદરસ તેના ભાવથી તારી વાણી નીતરી રહી છે. તારી વાણીમાં આત્માનો શાંત સ્વભાવરસ ટપકે છે. જેમ ઘીથી ભરેલી તપેલીમાં ગરમ પુરણપોળી ઝબોળીને પછી ઉપાડે તો તે પુરણપોળી અંદરમાં તો ઘીથી ભરચક થઈ જાય અને બહારમાં પણ ઘીથી નીતરતી હોય, તેમ તારી વાણી અંદરમાં તો ઉપશમ રસથી ભરપૂર છે, એટલે જે સમજે તેમને અંતરમાં તો આત્માનો શાંત અમૃતરસ અનુભવાય છે અને બહારમાં પણ તેમની દશા અદ્ભુત થઈ જાય છે.

**'મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી'** આ વાણી મુમુક્ષુ જીવોને અમૃતરસ પાનારી છે. જેને સંસારનો આતાપ–ભય લાગ્યો હોય, તરસ લાગી હોય, આત્માની ધગશ–તૃષા જાગી હોય તેવા જીવોને આ સમયસારજીની વાણી અમૃતરસ પાય છે, તે જેને રુચશે તેની જન્મ મરણની તૃષા ટળી જશે. **ભગવાન કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય સમયપ્રાભૃતરૂપી અંજલિ ભરી ભરીને જગતના ભવ્યાત્માઓને કહે છે કે-લ્યો રે લ્યો! જન્મ-મરણની તૃષા ટાળવા આ અમૃતનાં પાન કરો... આવાં ટાણાં ફરી ફરી નહિ મળે...**

આ અમૃતનું પાન કરતાં શું થાય છે–તો કહે છે કે **"અનાદિની મૂર્છા વિષતણી ત્વરાથી ઉતરતી."** હે નાથ સમયપ્રાભૃત! તારી પવિત્ર વાણીમાં એવા મંત્રો છે કે અનાદિની વિષ મૂર્છા એકદમ ઊતરી જાય છે, તારી વાણીના નાદથી જે જાગ્યા તેને ત્વરાથી મુક્તિ હોય. આ સમયસાર જેને રુચ્યું અને હું આત્મા, મારા આનંદને માટે પર વસ્તુની મારે જરૂર નથી, હું પોતે જ જ્ઞાનાનંદથી ભરપૂર સ્વાધીન તત્ત્વ છું' આમ જે અંતરભાન કરીને જાગૃત થયા તેને એક બે ભવમાં જ મુક્તિના કોલકરાર છે; આ તો કુંદકુંદ ભગવાનની હુંડી છે–જેમ શાહુકારની હુંડી કદી પાછી ન ફરે તેમ અહીં શાહુકાર (સ્વરૂપની સાચી લક્ષ્મીવાળા) શ્રી કુંદકુંદ ભગવાનની મુક્તિની હુંડી આ સમયપ્રાભૃતમાં છે તે કદી પાછી ન ફરે... જેણે આ સમયપ્રાભૃતનું અમૃત પીધું તેની વિષમૂર્છા [અજ્ઞાન] તે જ ક્ષણે ટળી જાય છે... મૂર્છા ઉતરતાં શું થાય–તે કહે છે–

**"વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ"**

અજ્ઞાન ભાવરૂપી વિષરૂપી વિષ મૂર્છા ઉતરી જતાં પુણ્ય–પાપ રૂપી વિભાવભાવોથી થંભી જઈને પરિણતિ નિજ સ્વરૂપ તરફ **દોડે છે.** - **દોડે છે** એમ કહીને પુરુષાર્થનું જોર બતાવ્યું છે. સમયસારને (શુદ્ધ આત્મસ્વરૂપને) સાંભળતાં અને ઓળખતાં પોતાની પરિણતિ–અવસ્થા ચૈતન્યજયોત આત્મસ્વરૂપ તરફ જલદી–જલદી પરિણમે છે. વાર લાગે એ વાત જ નથી.

**-: શાર્દુલવિક્રિડિત:-**

**તું છે નિશ્ચય ગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા, તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;**
**સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો, વિસામો ભવકલાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.**

હે **ગ્રંથાધિરાજ!** તું નિશ્ચયનો ગ્રંથ છો, પરમ શુદ્ધ આત્મસ્વરૂપને દર્શાવનાર છો. અને વ્યવહારના અનેક ભેદ છે તેને તોડીને એકરૂપ અભેદ સ્વભાવ સમજાવનાર છો. અગિયારમી ગાથામાં આચાર્યદેવ કહે છે કે–

ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ।
भुयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो।।

વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષિશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિ છે.

વ્યવહાર અનેક ભેદરૂપ છે તે ભેદોને આ નિશ્ચયગ્રંથ ભેદે છે. આ કથનમાં વ્યવહારનું સ્વરૂપ પણ સિદ્ધ થાય જ છે. વ્યવહાર છે ત્યારે તેને ભેદે છે ને ? જો વ્યવહાર હોય જ નહિ તો તોડે કોને ? વ્યવહાર છે ખરો, પણ તે ભેદરૂપ હોવાથી તેના લક્ષે અખંડ સ્વભાવની પ્રાપ્તિ થતી નથી. તે ભેદરૂપ વ્યવહારને ભેદતાં ભેદતાં અભેદ સ્વરૂપને પમાય છે, આ પરમાગમ સમયપ્રાભૃત ભેદને ગૌણ કરી અભેદ સ્વરૂપને સમજાવે છે તેથી નિશ્ચયગ્રંથ છે. જ્ઞાનીને પણ સાધક દશામાં શુભભાવ હોય પણ તેમાં તેઓ ધર્મ માનતા નથી. જ્ઞાની થાય એટલે તે જ ક્ષણે સર્વથા શુભ ભાવ ટળી જ જાય તેમ નથી. સાધર્મી પ્રત્યેનો પ્રેમ ધર્મનાં ટાણાં આવ્યે ઊછળી જાય–એવા જ્ઞાનીઓ હોય.

પદ્મનંદી આચાર્ય દાન અધિકારમાં લોભીયા પ્રત્યે કહે છે કે, કાગડો ઊખડિયા (દાઝેલી રસોઈ) મળે તે એકલો ન ખાય, પણ ક્રો ક્રો કરીને બીજા જાતી–બંધુઓને ભેગા કરીને ખાય, દાઝેલી રસોઈ કાગડો પણ એકલો ખાય નહિ.... તેં પૂર્વે પુણ્ય કર્યાં અને તારા નિર્વિકાર ગુણ દાઝયા– (પુણ્ય તે વિકાર છે તે વડે આત્માના નિર્વિકાર ભાવને હાનિ પહોંચે છે) ગુણની હાનિ થઈ અને તેના ફળમાં પૈસાનો સંયોગ મળ્યો અને જો એકલો ખાઈશ તો કાગડામાંથી યે જાઈશ...! પુણ્ય થયા તે દોષથી થયા છે. ગુણથી થયા નથી, એ ગુણની હાનિમાં જે પુણ્ય થયાં, તેના ફળમાં પૈસા મળ્યાં અને જો રાગ તૃષ્ણા ઘટાડી ધર્મ પ્રભાવના વગેરેમાં તે ન વાપર અને એકલો ખા તો તું કાગડામાંથી પણ ગયો–અર્થાત્ તને અત્યંત લોભ છે. અહીં લોભના કુવામાં પડતાં જીવોને બચાવવા માટે કહ્યું છે... જ્ઞાનીને સાધર્મ વાત્સલ્ય, ધર્મ પ્રભાવના વગેરેના શુભ ભાવ હોય, પણ તેઓ શુભભાવમાં ધર્મ માને નહિ.... આ ગ્રંથ આત્માના અભેદ સ્વરૂપને બતાવનાર નિશ્ચયગ્રંથ છે... વળી

**'તું પ્રજ્ઞા છીણી જ્ઞાનને ઉદયની સંધિ સહુ છેદવા'**

હે **સમયસાર !** તારી વાણી સ્વભાવ અને પરભાવને ભિન્નપણે ઓળખાવે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, અને રાગાદિભાવ તે કર્મના નિમિત્તે થતા હોવાથી ઉદય ભાવ છે, એ બે વચ્ચે ભેદજ્ઞાનરૂપી છીણી મારીને, બંનેનું સ્વરૂપ ભિન્ન બતાવે છે. મારું જ્ઞાનાનંદ સ્વરૂપ બતાવનાર તું છો, તારો મહાન ઉપકાર છે.

**'સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો'** તું સાધકનો સાથીદાર છો, જગતનો તું સૂર્ય છો. અજ્ઞાન અંધકાર ટાળવા માટે તું કેવળજ્ઞાન દીપક છો. તું જ મહાવીરનો સંદેશ છો. દિવ્યધ્વનિનાં રહસ્ય તારામાં ભર્યાં છે. **'વિસામો ભવકલાંતના હૃદયનો, તું પંથ મુક્તિતણો'** ચોરાશીના અવતારના જેને થાક લાગ્યા હોય, જન્મ–મરણના દુઃખોથી છૂટી જેને સ્વરૂપની શાંતિ લેવી હોય તેને, હે સમયસાર ! આપ વિસામારૂપ છો. સંસારથી થાકેલા જીવો તારા આશ્રયે વિશ્રામ કરે છે. અને તું જ મુક્તિનો પંથ છો.

**-વસંતતિલકા-**

**સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય, જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય,**
**તું રુચતાં જગતની રુચિ આળસે સૌ, તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.**

આ સમયસારની–શુદ્ધઆત્મસ્વરૂપની વાત સાંભળતાં કર્મોનું રસ–બંધન ઢીલું થઈ જાય છે–ટળી જાય છે. આ ગ્રંથમાં દર્શાવેલા સમયસારરૂપ શુદ્ધાત્માને જાણતાં જ જ્ઞાનીઓના અંતર–હૃદય જણાય છે. શુદ્ધ–આત્માની રુચિ થતાં જ પરિપૂર્ણ આત્મસ્વરૂપ સિવાય જગતમાં કોઈની રુચિ રહેતી નથી. અને તું રીઝતાં–પ્રસન્ન થતાં કેવળજ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા રીઝે છે અર્થાત્ કેવળજ્ઞાન પ્રગટે છે.

**-અનુષ્ટુપ-**

**બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી,**
**તથાપિ કુંદ સુત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.**

**અહો સમયસાર !** તારા માહાત્મ્ય કઈ રીતે કરીએ ? અરે ! આ ચાંદીની તો શું કિંમત ? પણ સુવર્ણના પાના કરીને તેમાં રત્નોના અક્ષરો લખું તોય તારાં મૂલ્ય ન અંકાય...બહારથી કોઈ રીતે તારો મહિમા અંકાય તેમ નથી, અંતર સ્વરૂપમાં શુદ્ધાત્મારૂપ સમયસારની સમજણ થતાં તેનો જે મહિમા જાગે તથા જે પરિપૂર્ણાનંદી સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને આનંદમાં એક–બે ભવમાં જ સંસારનો અંત આવીને પૂર્ણાનંદી દશા પ્રગટે એવા ભગવાન સમયસારનો શું મહિમા થાય ? અર્થાત્ આત્માના સ્વરૂપની ઓળખાણ થાય તો જ તેનો યથાર્થ મહિમા સમજાય, અને ત્યારે જ આ સમયસારની કિંમત સમજાય..........

આ રીતે સમયસાર પરમાગમની સ્તુતિ પૂર્ણ થઈ

**-: जय समयसार :-**